ગાંધીનગરની નદીમાંથી થતા રેતી ખનને ફ્રેન્ચવેલના પાયા ખોખલા કરી નાખ્યા

અંતિમધામ પાછળ નદીમાં બનાવેલ, ફ્રેન્ચવેલની ફરતે મસમોટા ખાડા પડી ગયા, તોળાતુ જોખમ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરથી ચિલોડા વચ્ચે સાબરમતી નદીમાં વર્ષો અગાઉ પીવાના પાણી માટે ફ્રેન્ચવેલ બનાવવામાં આવ્યો હતો. અંતિમધામની પાછળ નદીમાં ઉભા કરાયેલા આ ફ્રેન્ચવેલની ફરતેથી રેતી ખનનન કરવામાં આવે છે. જેથી ફ્રેન્ચવેલના પાયા દેખાવા માંડ્યા છે અને ફરતે થયેલા ખનનથી મસમોટા ખાડા પડી ગયાછે જેથી ફ્રેન્ચવેલના અસ્તિત્વ સામે જોખમ ઉભુ થયું છે. નગરજનોને પીવાનું પાણી પુરૂ પાડતી આ મશીનરી કદાચ હાલ બિન ઉપયોગી છે છતાં પણ સરકારી મિલ્કતની જાળવણી અનિવાર્ય હોવાથી તંત્ર સત્વરે જરૂરી પગલાં ભરે તે ઈચ્છનીય બન્યું છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષો અગાઉ નદીઓમાં ફ્રેન્ચવેલ ઉભા કરી તેના થકી પેટાળમાંથી પાણી ખેંચીને પ્રજાજનો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. આ ફ્રેન્ચવેલ હાલમાં પણ નદીઓમાં જોવા મળી રહ્યા છે. તેવો જ એક ફ્રેન્ચવેલ ગાંધીનગરની સાબરમતી નદીમાં અંતિમધામ પાછળ બનાવાયો છે. આ ફ્રેન્ચવેલની મુખ્ય ઈમારતના પાયા ફરતે ભારે પ્રમાણમાં રેતીખનન થયું હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે અને આ મુખ્ય ઈમારતની નીચે મોટા મોટા ખાડા પડી ગયા છે જેથી ભવિષ્યમાં રેતીના સપોર્ટ વગર આ ફ્રેન્ચવેલની ઈમારત ધરાશાયી થવાના સંજોગો દેખાઈ રહ્યા છે. ફ્રેન્ચવેલના પાયામાંથી જ રેતી ખનનન થતું હોવા છતાં સલગ્ન તંત્રએ આજ દિન સુધી કોઈ પગલાં ન લીધા તે પ્રજાજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

નગરજનોને પીવાનું પાણી પુરૂ પાડતી મશીનરી પ્રત્યે સેવાઈ રહેલા દુર્લક્ષથી સરકારી મિલ્કત જર્જરીત બની રહી છે. ઘણા લાંબા સમયથી આ ફ્રેન્ચવેલના પાયા નજીક રેતીખનન થતુ આવ્યું હોય તેવુ લાગી રહ્યું છે. ૫૦ થી ૧૦૦ ફૂટની ત્રિજયામાં અને લગભગ ત્રણથી ચાર ફૂટ ઊંડુ રેતીનું ખોદાણ થયું હોય તેવું અનુમાન લોકો લગાવી રહ્યા છે. પરંતુ થયેલા આ ખોદાણથી ફ્રેન્ચવેલ જોખમમાં મુકાઈ ગયો છે. કદાચ લીઝ મેળવીને થયેલા રેતી ખનન યોગ્ય છે પરંતુ ફ્રેન્ચવેલની ઈમારતના પાયામાં જ ખોદકામ કરવું તે કાયદેસર છે કે કેમ તે સવાલ ઉભો થયો છે. છતાં પણ ભુસ્તર વિભાગ તથા પાણી પુરવઠા વિભાગે આ અંગે ઉંડી તપાસ હાથ ધરી ખોદકામ અટકાવી ફ્રેન્ચવેલને બચાવી લેવાય તેવી માંગ પ્રજાજનો કરી રહ્યા છે.

હરિની દૃષ્ટિ...

આ સાંભળ..., આપણે તો દસ બાર પેગ પછી માંડ માંડ મન કી બાત કરી શકીએ છીએ...!!

માહિતી અધિકાર ગુજરાત પહેલ દ્વારા 'આર.ટી.આઈ. ઓન વ્હીલ્સ'નું ડેમોસ્ટ્રેશન નિહાળતા રાજયપાલશ્રી

માહિતી અધિકાર ગુજરાત પહેલ અમદાવાદના માહિતી અધિકારના કાયદા અંગે જનજાગૃતિ મટેના 'આર.ટી.આઈ. ઓન વ્હીલ્સ' મોબાઈલ પ્રદર્શનને આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ નિહાળ્યું હતું. સંસ્થાનાશ્રી હરિણેશ પંડયા તથા પંકિતબેન જોગે માહિતી અધિકારના કાયદા સંબંધમાં અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં લોકોમાં જાગૃતિ લાવવાનાં કાર્યોનું રાજયપાલશ્રી સમક્ષ પ્રસ્તુતીકરણ કર્યું હતું.

રાજયપાલશ્રીએ માહિતીના અધિકારના કાયદા અંગે સંસ્થા દ્વારા જે જન જાગૃતિનું કાર્ય કરવામાં આવી રહ્યું છે તેની સરાહના કરી હતી.

ચિલોડા પ્રાથમિક શાળાના જર્જરિત અને જોખમી મકાનમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે

ચિલોડા, તા.૯

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ખાતે ચિલોડા પગાર કેન્દ્ર શાળામાં બક્ષીપંચના બાળકો ધો-૧ થી ૯માં અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં કુલ ૧૭ રૂમો આવેલા છે. જેમાં ૧૦ રૂમ જર્જરીત હાલતમાં ભયજનક બની જવા પામ્યા છે.

આ રૂમોની દીવાલો, થાંભલા, બારી બારણાં જર્જરીત થઈ ગયા છે. રૂમોની છતમાંથી વરસાદી પાણી ટપકે છે અને છતના પોપડા પડી રહ્યા છે. રૂમમાં થાંભલાના સળીયા ખુલા થઈ ગયા છે હવે જર્જરીત જોખમી રૂમો બાળકોને બેસાડવા ભારે જોખમી લાગી રહ્યા છે. આ જર્જરીત રૂમોને ઉતારી લેવાની મંજુરી મળે એક વર્ષનો સમય પસાર થઈ ગયો છે. જર્જરીત, ભયજનક અને બિન ઉપયોગી ઓરડા ઉતારી પાડવાની દરખાસ્ત તા. ૨૫-૬-૨૦૧૪ના રોજ કરવા છતાં તેમજ વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. આ અંગે શાળાની સ્કુલ મેનેજમેન્ટ કમીટીએ રજૂઆત કરી હોવા છતાં કોઈ પરિણામ જણાતું નથી. પરિણામે શાળા પરિવાર વાલીઓ તથા બાળકો જોખમરૂપ સ્થિતિથી વધુ ચિંતિત બન્યા છે આ અંગે ગામના અગ્રણીઓ આ જર્જરીત ઓરડા તાત્કાલિક રીતે પાડી નવા બનાવાય તેવી ઉગ્ર માંગ કરી રહ્યાંછે.

(તસવીર : નટુભાઈ પટેલ)

શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપચારાત્મક વર્ગો

ગાંધીનગર તાલુકાની ચિલોડા પગાર કેન્દ્ર ખાતે ઉપચારાત્મક વર્ગોનો શુભારંભ થયો. ગુણોત્સવ-૫ પરિણામોના આધારે ડી-ગ્રેડ મેળવતી શાળાનું શૈક્ષણિક સ્તર સુધરે તેવા હેતુસર શાળાઓમાં જુલાઈ-ઓગસ્ટ માસ દરમ્યાન ઉપચારાત્મક વર્ગોમાં બાળકોને કેન્દ્રમાં રાખી લખવા-વાંચન-ગણવાની નબળી ગુણવત્તાને સુધારવા ધોરણ-૩ થી ૮ ના બાળકોને શાળાના સમય પહેલા અને પછી ૧ કલાકના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ ગુણોત્સવમાં બી. સી અને ડી ગ્રેડ મેળવનારી શાળાઓમાં સુધારો નોંધાતા બે માસ ઉપચારાત્મક શિક્ષણકાર્ય પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. વર્ગખંડમાં બાળકો વાંચન કરતા નજરે પડે છે.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રી નારાયણ પૂજા-વિષ્ણુ સહસ્ત્રનામ યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા.૯

ભગવાન નારાયણની પૂજા-આરાધના કરવા માટે શ્રેષ્ઠ સમય એટલે પવિત્ર પુરૂષોત્તમ માસ. આ માસમાં મંત્ર-જાપ, તપ-ઉપવાસ, દાન-ધર્મ, પૂજા-હવન તેમજ ધ્યાન-યોગ દ્વારા સત્કાર્યો કરવાથી દુઃખનો નાશ થઈ પૂર્નજન્મોના બંધનમાંથી મુકિત મેળવી શકાય છે તેવી માન્યતા છે. માસમાં નવ ગ્રહના દોષ નિવારણ માટે પૂજા પાઠ કરવાથી ફળ વધુ ઝડપથી મળે છે માટે આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા બેંગ્લોરથી પધારનાર સ્વામીના નેતૃત્વ સાથે પંડિત ગણ દ્વારા સામુહિક શ્રી નારાયણ તથા વિષ્ણુ સહસ્ત્રનામ સાથે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૦મી જુલાઈથી તા. ૧૧મી જુલાઈ દરમિયાન નગરમાં વિવિધ સ્થળે આ પૂજાયજ્ઞ યોજાશે.

આ પૂજા પાઠ અને યજ્ઞમાં ભાગ લેવા માટે ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંગે કોઈ પણ માહિતી મેળવવા આર્ટ ઓફ લીવીંગના સુરેશભાઈ પરમારને સે-૧૧, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સંપર્ક સાધવા જણાવાયું છે.

શ્રી નારાયણ પૂજા-વિષ્ણુ સહસ્ત્ર નામ યજ્ઞનો કાર્યક્રમ

તા. ૧૦-૭-૨૦૧૫ સમય સવારે ૭.૩૦	કરશનભાઈ પટેલ, ૭, વિનાયક પાર્ક સોસાયટી, અતિથી હોટલ પાછળ દહેગામ
તા. ૧૦-૭-૨૦૧૫ સમય સાંજે ૬-૦૦	સીમાબેન ભરતભાઈ દવે, પ્લોટ નં. ૨૯૪, ૪/એ, પ્રમુખ એપાર્ટમેન્ટ, ગોપાલ ડેરી સામે, સે-૨૦
તા. ૧૧-૭-૨૦૧૫ સમય સવારે ૭.૩૦	કલ્પનાબેન જેરામભાઈ પટેલ, બી-૨૮, ઈન્ફોસીટી ટાઉનશીપ
તા. ૧૧-૭-૨૦૧૫ સમય સવારે ૧૦.૩૦	કુસુમબેન રાજનભાઈ જોષી, ૨૯૫/૫, શિલ્પ એપાર્ટમેન્ટ, ઈન્ક્વાયરી ઓફિસ સામે, સે-૨૦
તા. ૧૧-૭-૨૦૧૫ સમય સાંજે ૫-૩૦	સામુહિક પૂજા, જીઈબી કોલોનીના રીક્રિએશન હોલ ખાતે

શ્રી કે.કે. સ્કૂલ અને અંધજન મંડળ, ભાવનગરના નેત્રહિન વિદ્યાર્થીઓ રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૯

શ્રી કે.કે. સ્કૂલ અને અંધજન મંડળ, ભાવનગરના નેત્રહિન વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે શારીરિક ક્ષતિવાળા બાળકોમાં ઈશ્વરદત્ત જે શક્તિ નિહિત છે તેને ખિલવવાની આવશ્યકતા છે. તેમનામાં આત્મવિશ્વાસ પેદા થાય અને તેમના જીવનમાં અક્ષમતાઓ અવરોધરૂપ ન બને તે માટે શિક્ષકોએ શિક્ષણની સાથે એક પ્રેરકની ભુમિકા પણ નિભાવવાની જરૂર છે. તેમનામાં આત્મવિશ્વાસ વધારવા માટે શિક્ષકોએ અક્ષમતાઓ સામે ઝઝુમી સફળતા મેળવનાર મહાપુરૂષોના પ્રેરક પ્રસંગોથી તેમને વાકેફ કરવા જોઈએ.

સ્કૂલને 'શ્રેષ્ઠ સ્કૂલ' તરીકેનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. તે માટે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સંચાલકોને અભિનંદન આપ્યા હતા. સંસ્થાના મુખ્ય વહીવટી અધિકારી શ્રી લાભુભાઈ સોનાણીએ શ્રી કે.કે. સ્કૂલ અને અંધજન સંસ્થાની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી એમ.સી. પાઠક અને અન્ય પદાધિકારીઓ તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વૈચ્છિક સેવા નિવૃત્ત કલ્પનાબહેન બારોટને માહિતી પરિવાર દ્વારા ઉષ્માભેર શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૯

માહિતી ખાતામાં ગાંધીનગર સ્થિત વડી કચેરીમાં ફિલ્મ પ્રોડ્‌કશન અને પ્રદર્શનના નાયબ માહિતી નિયામક તરીકે કામ કરતા અધિકારી સુશ્રી કલ્પનાબહેન બારોટ સ્વૈચ્છિક નિવૃત્ત થતાં આજરોજ તેમને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ભાવભીની શુભેચ્છા આપવામાં આવી હતી.

ત્રણ દાયકા કરતાં વધુ સમયની તેમની સુદીર્ઘ કારકિર્દીમાં તાલુકા કક્ષાએથી આરંભ કરીને જિલ્લા કચેરીમાં તથા ફિલ્મ વિકાસ નિગમમાં અને પછીથી માહિતી કમિશનર કચેરી, ગાંધીનગરમાં વિવિધ શાખાઓમાં કલ્પનાબહેને પોતીકી સુઝ, દીર્ઘદૃષ્ટિ અને વહીવટી કુનેહથી શ્રેષ્ઠ કામગીરી કરી હતી.

અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલે કલ્પનાબહેનને તેમના ભાવિ જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

સંયુક્ત માહિતી નિયામક શ્રી પુલકભાઈ ત્રિવેદીએ સંસ્મરણો સંભારીને કલ્પનાબહેનની કાર્યકુશળતાને બિરદાવી હતી.

નાયબ માહિતી નિયામક શ્રી પંકજભાઈ મોદીએ કલ્પનાબહેનની કાર્યશૈલી અને રાજ્ય સરકારની પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓની પ્રચાર-પ્રસારની કામગીરી અને સમર્પિતતાને બિરદાવી હતી.

માહિતી ખાતાના વિવિધ શાખાના અધિકારીઓ-કર્મચારીઓએ કલ્પનાબહેન બારોટને શુભકામનાઓ પાઠવી હતી.

કૈલાસ માનસરોવર સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૯

કૈલાસ માનસરોવર સેવા સમિતિ સંસ્થાના પાંચ વર્ષ પૂર્ણ થતા સભ્યોની સધારણસભા યોજાશે. આગામી ૧૨ જુલાઈને રવિવારે સે-૨૧સ્થિત વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર ખાતે સાંજે ૫-૦૦ કલાકે સભા યોજાશે. જેમાં નવા હોદ્દેદારોની વરણી કરાશે તેમજ અધિક માસ નિમિત્તે મા નર્મદાના બે ત્રણ સ્થળોનો પ્રવાસ ગોઠવવાનો હોવાથી સંસ્થાના દરેક સભ્યોએ સભામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરેલ છે.

મહાત્મા મંદિરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૨૩ કડી સંકુલ સ્થિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળાનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. શાળાની ધોરણ-૭ની વિદ્યાર્થીઓને મહાત્મા મંદિર ખાતે પ્રવાસ દરમિયાન લઈ જવામાં આવી હતી. જ્યાં પ્રદર્શનમાં રાખવામાં આવેલ ગાંધીજીના પ્રસંગોના ચિત્રોનું નિદર્શન કર્યુ હતુ. પ્રવાસમાં મદદનીશ શિક્ષિકા, ચેતનાબેન અને પ્રવિણાબેન જોડાયા હતા.

રોટરી ક્લબ ઓફ કેપીટલનો સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૯

રોટરી ક્લબ ઓફ કેપીટલની પ્રથમ સાપ્તાહિક બેઠક બલરામ ભવન સે. ૧૨ ખાતે યોજાઈ હતી. જેમાં રોટરીના ઉદ્દેશો, હેતુ, હક્કો, ફરજો તેમજ મહત્વ વિશેની ચર્ચા કરાઈ હતી. રોટરીના પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબેન એમ. શાહની સુપુત્રી ધ્વની એમ.બી.એ.ના અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયા જઈ રહેલ હોવાથી ડૉ. પ્રશાંતભાઈ એન. ભટ્ટ, પ્રમુખ મનોજકુમાર સરૈયા અને ઉપસ્થિત ક્લબના મેમ્બરો દ્વારા તેને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચરાડા પગાર કેન્દ્ર શાળાના શિક્ષક બળદેવભાઈ ચૌધરી વય નિવૃત્ત થતા નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો હતો.

ગત ૨૬ જૂનના રોજ પ્રાથમિક શિક્ષક સંઘ ચાણક્ય ભવનમાં બળદેવભાઈ ચૌધરીનો નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો હતો. સમારોહમાં ચંદુલાલ જોષી, શિક્ષક સંઘના હોદ્દેદારો, તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વ હોદ્દેદાર ગુણવંતભાઈ પટેલે પોતાના પ્રવચનમાં બળદેવભાઈના ૩૮ વર્ષના કાર્ય અને સંગઠનક્ષેત્રની તેમની કામગીરીને ભેખધારણ કર્યાના રૂપે રજુ કર્યુ. જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડે પોતાના શબ્દોમાં તેમના કામની પદ્ધતિ, નિયમોના માહિર ગણાવી તેમને શેષજીવનના આશિષ પાઠવ્યા. રાજ્ય સંઘના કોષાધ્યક્ષશ્રી રામશીભાઈ પંપાણીયાએ સાત વર્ષ સાથે રહીને કરેલ કામોનો ચિતાર આપ્યો અને સંગઠન માટેના લડવૈયાથી બિરદાવ્યા હતા.

કલ્યાણસિંહ ચાવાએ ગીત દ્વારા સૌને વિદાયની યાદ અપાવી સૌનો આભાર માન્યો હતો. જિલ્લા પ્રાથણિક શિક્ષક સંઘના હોદ્દેદારો મીઠાભાઈ પટેલ, સુજલભાઈ પટેલ, કલ્યાણસિંહ ચાવડા, દિપકસિંહ, દશરથભાઈ, તુલસીભાઈ મકવાણા સહિત સૌ અને તાલુકા સંઘના પ્રમુખ-મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

એસકેએફ ઈન્ડિયા સ્વીડનમાં યોજાનાર ગોથીયા કપના રમતવીરોને સ્પોન્સર કરશે

એસકેએફ સ્પોર્ટસ એકેડમી, અમદાવાદ દ્વારા સ્વીડનમાં યોજાનાર ગોથીયા કપ ૨૦૧૫માં ભાગ લેવા માટે રમતવીરોને સ્પોન્સર કરી રહી છે. એસકેએફ ઈન્ડિયાના મેનેજીંગ ડિરેટર અને કન્ટ્રી હેડ, શ્રી જોષીપુરાએ જણાવ્યું હતું કે 'ગોથીયા કપ ૨૦૧૫ની છોકરાઓની ટીમની સામેલગીરી અંગે જાહેરાત કરતા અને ગૌરવ અનુભવીએ છીએ. મને જણાવતાં આનંદ થાય છે કે અમે આ સપનું સાકાર કરી શકયા છીએ. અમને જણાયું છે કે આ પ્રોગ્રામ દ્વારા બાળકોમાં હકારાત્મક અસર પેદા કરી શકાઈ છે અને અમે તેને ઉચ્ચ સ્તરે પહોંચાડી છે. પ્રોફેશન ફૂટબોલ કલબ સાથે જોડાણ કરીને અમે આ રમતને પણ નવા ઉંચા સ્તરે પહોચાડીશું અને આ વિકાસ પ્રક્રિયામાં ટીમની રમત નવા ઉંચા સ્તરે પહોંચશે. પૂનાની ફૂટબોલ કલબની તાલીમ અને કોચિંગને કારણે ટીમના દેખાવમાં સુધારો થયો છે અને કૌશલ્ય તથા વિકાસ પ્રક્રિયાના કારણે આ ટીમ તેમની રમતને નવા ઉંચા સ્તરે લઈ જશે.'

હજારો વિદ્યાસહાયકને ફુલ પગાર માટે રાહ જોવી પડશે

ધો ૬-૮માં ભરતી કરવામાં આવેલા ૧૦ હજાર શિક્ષકોમાં નારાજગીનું મોજુ : શિક્ષણ વિભાગ દ્વારા ખુલાસો કરાયો

અમદાવાદ, તા.૯

પાંચ જુલાઈ-૨૦૧૦માં ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી વિષય માટે ધોરણ ૬ થી ૮માં ભરતી કરાયેલા ૧૦ હજાર વિદ્યાસહાયકોને આખા પગાર માટે હજી બે મહિનાની રાહ જોવી પડશે. શિક્ષકોનું કહેવુ છે કે પાંચ જુલાઈ ૨૦૧૫નાં રોજ તેમની વિદ્યા સહાયક તરીકેની ભરતીના પાંચ વર્ષ પુરા થઈ જાય છે. તેથી તેમને આવતા મહીનાથી ધારા-ધોરણ મુજબનો અન્ય કાયમી શિક્ષકો જેટલો પગાર મળવાપાત્ર થાય છે.

શિક્ષણ વિભાગના અધીકારીઓનું કહેવું છે કે સપ્ટેમ્બર-૨૦૧૫માં પાંચ વર્ષ પુરા થાય છે આથી ઓકટોબર મહિનાખી ધોરણ-૬ થી ૮નાં આ વિદ્યા સહાયકોને પૂર્ણ પગાર મળવાપાત્ર રહેશે. પ્રાપ્ત થતી માહીતિ મુજબ જુલાઈ-૨૦૧૦માં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અપર પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી વિષય માટે ૧૦ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી હતી.

આ વિદ્યાસહાયકોને ત્રણ જુલાઈ ૨૦૧૦ના રોજ નિમણૂંક ઓર્ડ આપવામાં આવ્યા હતા જે અંતર્ગત તમામ વિદ્યા સહાયકો પાંચ જુલાઈના રોજ ફરજ પર હાજર થઈ ગયા હતા જેથી આ વિદ્યા સહાયકોનો દાવો છે ક પાંચમી જુલાઈ ૨૦૧૦ના રોજ ફરજ ઉપર હાજર થયા હોવાથી પાંચ જુલાઈ ૨૦૧૫ના રોજ તેમને ફરજ પર પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે જેથી ઓગસ્ટ મહિનામાં જે પગાર આવે તે નિયમ મુજબ કાયમી શિક્ષકોના ધારા ધોરણો મુજબનો હોવો જોઈએ. જો કે, શિક્ષણ વિભાગનું કહ્યું છે કે, ૨૦૧૦માં જે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી હતી તેમને સપ્ટેમ્બર ૨૦૧૫માં પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે જેથી આવા વિદ્યાર્થીઓને ઓક્ટોબર મહિનાથી પૂર્ણ પગાર મળવાનું શરૂ થશે.

આ વિદ્યા સહાયકો અંગેની તમામ વિગતો ૩ મહિના પહેલા જ શિક્ષણ વિભાગમાં આવી ગઈ છે. જો કે, આ વિદ્યાસહાયકો પૈકી જે વિદ્યા સહાયકોએ સીસીસીની પરીક્ષા પાસ કરેલી નહીં હોય તેમને પૂર્ણ પગાર માટે લાયક ગણવામાં આવશે નહીં. આવા વિદ્યાસહાયકો જ્યારે સીસીસીની પરીક્ષાનું સર્ટી જમા કરાવશે ત્યારે જ તેમને પૂર્ણ પગાર માટે લાયક ગણવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧